MUMBAI SAMACHAR શુક્રવાર, તા. ૧૯-૫-૨૦૧૭ મુંબઈ સમાચાર



## કહીં નજર ન લાગ જાય...

ફ્રાન્સના કાન ખાતે યોજાયેલા ૭૦મા આંતરરાષ્ટ્રીય મહોત્સવમાં બોલીવૂડની અભિનેત્રી દીપિકા પદુકોણનું અદ્‌ભુત બ્લેક ડ્રેસમાં આગમન થયું હતું. માર્ચેસાના બ્લેક ગાઉનમાં દીપિકા કામણગારી લાગી રહી હતી અને તેણે ભલભલાનું ધ્યાન ખેંચ્યું હતું. દીપિકા આ પહેલી વાર કાનમાં આવી છે અને તેણે પહેલાં જ દિવસે છાકો પાડી દીધો હતો. માત્ર ભારતના મીડિયા નહીં પણ વિદેશી મીડિયાને પણ મજા પડી ગઇ હતી. ફોટોગ્રાફરો તેની પાછળ જ પડી ગયા હતા.

# માલ્યાનું ₹ ૧૦૦ કરોડનું અલીબાગનું ફાર્મહાઉસ જપ્ત

*નવી દિલ્હી:* એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ મહારાષ્ટ્રના અલીબાગ ખાતેથી વિજય માલ્યાના તાબા હેઠળના દરિયાકાંઠે આવેલા ૧૦૦ કરોડ રૂપીયાના મૂલ્યના ફાર્મ હાઉસને ગુરુવારે જપ્ત કર્યું છે. વિજય માલ્યા સામે કાળા નાણા ધોળા કરતા અટકાવવાના ધારા (પીએમએલએ)ની વિવિધ જોગવાઈઓ હેઠળ ૧૭ એકરમાં પથરાયેલી આ મિલકતને ટાંચ મારવામાં આવી હતી.

આ જગ્યાના માલિકને સંબંધિત સંસ્થાઓએ કોઈ જ રાહત ન દેતાં ઇડી દ્વારા મિલ્કત ખાલી કરવાના આદેશ આપવામાં આવ્યા છે. માલ્યાના અંકુશ હેઠળની એમએસ માન્ડવા ફાર્મ્સ પ્રાઈવેટ લિમિટેડ’નું આ ફાર્મ હાઉસ છે. મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના અલીબાગ ખાતે આ ફાર્મ હાઉસ આવેલું છે. તેની નોંધાયેલી કીમત પચીસ કરોડ રૂપિયાની છે પણ બજારભાવ ૧૦૦ કરોડ રૂપિયા કરતાં વધારેનો છે. (એજન્સી)■

# ભારતીય મૂળનો પ્રણય સ્પેલિંગ બી સ્પર્ધા જીત્યો

*વોશિંગ્ટન:* અમેરિકામાં ૫૦,૦૦૦ ડોલરની નેશનલ જ્યોગ્રાફીની સ્પેલિંગ બી હરીફાઈમાં ૧૪ વર્ષના ભારતીય-અમેરિકી વિદ્યાર્થી પ્રણય વરદાનો વિજય થયો છે. આ સાથે જ આ પ્રતિષ્ઠિત અમેરિકી હરીફાઇમાં ભારતીય સમુદાયનો દબદબો જળવાઈ રહ્યો છે.

ટેક્સાસના આઠમા ધોરણમાં ભણતા પ્રણયે આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં મેદાન માર્યા બાદ કહ્યું કે મને ગળા સુધીની ખાતરી છે કે હું આ પડકાર ઝીલી શકું એમ છું. વિજય બાદ મને ખૂબ સંતોષ અને આનંદ લાગે છે. તે ગયા વર્ષે બીજે ક્રમાંકે આવ્યો હતો. તિબેટના પાઠાર, તક્લીમાકન રણ પ્રદેશ તેમ જ કૂન્લૂન પહાડી વિસ્તાર શ્રેણી સંબંધિત સવાલનો તેણે એકદમ યોગ્ય ઉત્તર આપ્યો હતો. આથી તેને વિજેતા ઘોષિત કરતાં શિષ્યવૃત્તિ અને અન્ય ઈનામો આપ્યા હતા. જ્યારે ન્યૂ જર્સીની વેદા ભટ્ટરામે અત્રે ૧૭મી મેએ યોજાયેલી સ્પર્ધામાં તૃતીય સ્થાન શોભાવ્યું છે તેમ જ વીસ્કોન્સીનના થોમસ રાઈટને ૨૫,૦૦૦ ડોલરનું ઈનામ મળ્યું છે. વેદાને ૧૦,૦૦૦ ડોલરનું ઈનામ મળ્યું છે. ૧૦માંથી છ ફાઈનલીસ્ટ ભારતીય મૂળના છે. (એજન્સી)■



## આમાં વાઈ-ફાઈ ને ટીવી પણ...

પૂર્વ ચીનના શાન્ડોન્ગ પ્રાંતમાં વેઈફાન્ગ સિટીમાં બૈલાન્ગ નદી પર દંગ કરી મૂકે તેવું ફેરીસ વ્હીલ ટૂંક સમયમાં જાહેર જનતા માટે ખુલ્લું મુકાશે. મજાની વાત એ છે કે તેની વચ્ચે કોઈ દોરડા નથી કે નથી કોઈ સળિયા...તો પછી આ ઊભું કઈ રીતે રહે છે? આ જ છે અજાયબી. આના દરેક પોડમાં ટીવી અને વાઈ–ફાઈ કનેક્શન છે. ઊડીને આંખે વળગે તેવાં ફેરીસવ્હીલની ૩૬ કાર્ટમાં પ્રત્યેકમાં ૧૦ મુસાફર સફર કરી શકે છે. તેઓ બૈલાન્ગ નદીને નિહાળવાનો આનંદ માણી શકશે. ૧૭૭૧ ફૂટના બૈલાન્ગ નદીના બ્રીજ પર તેનું બાંધકામ કરાયું છે. આથી જ તેનું નામ બૈલાન્ગ રિવર બ્રિજ ફેરીસ વ્હીલ પડ્યું છે.

# સોનિયા, મનમોહન, વાજપેયીને અપાયેલી સલામતીની સમીક્ષા થશે

*નવી દિલ્હી:* ભારતના માજી વડા પ્રધાનો અને તેમના કુટુંબોને આપવામાં આવતા મોંઘાદાટ સ્પેશ્યલ પ્રોટેક્શન ગ્રુપ (એસપીજી) સુરક્ષા છત્રને હટાવવા કે ઘટાડવા સલામતી સંબંધિત ચર્ચા અને પુનરાવલોકન કરવા મોદી સરકાર આ સપ્તાહે ખાસ મીટિંગ યોજવાની છે, એમ ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું.

વર્ષ ૧૯૮૫માં માજી વડા પ્રધાન ઈન્દિરા ગાંધીની રાજકીય કારણોસર હત્યા થયાના એક વર્ષ બાદ એસપીજીને વડા પ્રધાન, માજી વડા પ્રધાનો તેમ જ તેમના કુટુંબીજનોને સલામતી પૂરી પાડવાની કામગીરી સોંપવામાં આવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત એસપીજી અન્ય સાત વ્યક્તિનાં રખોપાં કરે છે. માજી વડા પ્રધાન ડૉ.મનમોહન સિંહ, તેમના પત્ની ગુરુશરણ કૌર, માજી વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી, તેમની પાલક પુત્રી નમિતા ભટ્ટાચાર્ય, કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધી, તેમના પુત્ર રાહુલ ગાંધી તથા પુત્રી પ્રિયંકા ગાંધીને એસપીજી છત્ર મળે છે.

આગામી મીટિંગમાં આ ૭ જણ સમક્ષ જે ખતરો છે તેનું મૂલ્યાંકન કરાશે અને તે મુજબ સલામતી નક્કી કરાશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. (એજન્સી)■

# જેટલી સામેની જેઠમલાણીની ટિપ્પણીઓ અપમાનજનક: કોર્ટ

*નવી દિલ્હી:* કેન્દ્રના પ્રધાન અરુણ જેટલી સામે અરવિંદ કેજરીવાલના ધારાશાસ્ત્રી રામ જેઠમલાણી દ્વારા કરવામાં આવેલી ચોક્કસ ટિપ્પણીઓને ગુરુવારે દિલ્હી હાઇકોર્ટે ‘અપમાનજનક-નિંદનીય’ લેખાવી કેજરીવાલ સામે કેન્દ્રીય પ્રધાને કરેલા બદનક્ષીના કેસમાં જેઠમલાણીએ જેટલીની કરેલી ઊલટતપાસ દરમિયાન કેટલીક ચોક્કસ ટિપ્પણીઓ કરવામાં આવી હતી. જજે મૌખિક રીતે એવું અવલોકન કર્યું હતું કે બચાવપક્ષ કેજરીવાલની સૂચનાથી આવી ટિપ્પણીઓ અગર કરવામાં આવી હોય તો જેટલીની ઊલટતપાસ વધુ ચાલુ રાખવાનો કોઈ જ મુદ્દો બનતો નથી. બચાવ પક્ષને જ સારી રીતે આવા આક્ષેપો કરવા દો. તેઓ પોતે કોર્ટના કઠેડામાં આવીને ભલે આક્ષેપો કરે. જેટલીના વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓ રાજીવ નાયર અને સંદીપ સેઠીએ કોર્ટ સમક્ષ મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું હતું કે, તેઓ કેજરીવાલ તરફથી એવી સ્પષ્ટતા માગી રહ્યા છે કે આવી ટિપ્પણીઓ શું તેમની સૂચનાથી કરવામાં આવી યા જેઠમલાણીએ આપ મેળે એ ટિપ્પણીઓ કરી. નાયરે વધુમાં જણાવ્યું હતું કે કેજરીવાલે જ અગર તેમના ધારાશાસ્ત્રીને ઉક્ત અપમાનજનક ટિપ્પણીઓ કરવાની સૂચના આપી હોય તો અમે વધુ નુકસાન પહોંચાડવા બદલ વળતર પેટે વધુ રૂ. ૧૦ કરોડની માગણી કરીશું. બીજી તરફ જેઠમલાણીએ પોતે જ અગર આવી બેહૂદી ટિપ્પણી કરી હોય તો એનાથી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમોનું ઉલ્લંઘન થાય છે, એમ તેમણે જણાવ્યું હતું. કોર્ટે જણાવ્યું હતું કે આવી રીતે ઊલટતપાસ કરવાની પરવાનગી ન મળી શકે. એટલે આ બાબતમાં કંઈક તો કરવું જ પડશે. (એજન્સી)■

## સમાચાર સંક્ષેપ

### નવો રૅન્સમવૅર ત્રાટકશે: ચીન

*બીજિંગ:* વિશ્વમાં હાહાકાર મચાવનાર વૉનાક્રાઇ વાઇરસ જેવો અન્ય નવાં રૅન્સમવૅર વાઇરસથી વિંડોઝ વાપરનારાઓને ચેતવાની સલાહ ચીને આપી છે. ચીનનાં નેશનલ કમ્પ્યુટર વાઇરસ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટરે જનતાને ચેતવણી આપતા માઇક્રોસોફ્ટનાં લેટેસ્ટ અપડેટ ઇન્સ્ટોલ કરવાની સલાહ આપી છે.

### કાર્તિ ચિદમ્બરમ લંડન જવા રવાના

*ચેન્નઇ:* કોંગ્રેસી નેતા અને ભૂતપૂર્વ નાણાં પ્રધાન પી. ચિદમ્બરમનો દીકરો કાર્તિ ચિદમ્બરમ ગુરુવારે લંડન જવા રવાના થઇ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કાર્તિ પર સીબીઆઇ દ્વારા મંગળવારે જ દરોડા પાડ્યા હતા. કાર્તિ સામે આઇએમએક્સ મીડિયા કેસ સંબંધે દરોડા પાડવામાં આવ્યા હતા.

### રિવૉલ્વર રાની પકડાઇ ગઇ

*બાન્દા:* ઉત્તર પ્રદેશનાં હમીરપુર ગામમાં બંદૂકની અણીએ પોતાનાં વરરાજાને લગ્નમંડપમાંથી ઉઠાવી જનાર પચીસ વર્ષની મહિલા અને એનાં સાથીની પોલીસે ધરપકડ કરી હતી. વરરાજાને ઉઠાવી જવાં અગાઉ મહિલાએ જાહેરાત કરી હતી કે આ માણસ મને પ્રેમ કરે છે અને અન્યને પરણીને મારો વિશ્વાસઘાત કરી રહ્યો છે. હું એ થવા નહીં દઉં. પોલીસે એ મહિલાની સાથે એનાં એક પુરુષ અને સ્ત્રી મિત્રને પકડી પાડયા હતા અને વરરાજાને છોડાવ્યો હતો. પોલીસનાં જણાવ્યા અનુસાર એ મહિલા હજુય એમ જ કહે છે કે હું એને અન્ય કોઇ સાથે પરણવા નહીં દઉં.

### યુકેમાં ભારતીય મૂળના અબ્રાહમ મેયર ચૂંટાયા

*લંડન:* યુકેનાં લફટનમાં ભારતીય મૂળનાં ફિલિપ અબ્રાહમ નામના નગરસેવકને મેયર તરીકે ચૂંટવામાં આવ્યા હતા. પાછલા એક વર્ષથી તેઓ ઉપમેયર તરીકે કામ કરતા હતા. તેઓ કેરોલ ડેવિસના અનુગામી બનશે.

### અયપ્પા મંદિરની આવક ₹ ૨૪૪ કરોડ

*તિરુવનંતપુરમ:* સબરીમાલા ખાતે આવેલા ભગવાન અયપ્પા મંદિરની વર્ષ ૨૦૧૬-૧૭ની આવક રૂ. ૨૪૩.૬૯ કરોડ થઇ હોવાની માહિતી રાજ્યનાં પ્રધાન કેદાકામપલ્લી સુરેન્દ્રને વિધાનસભાને આપી હતી. એમણે વધુમાં જણાવ્યું હતું કે મંદિરની હુંડીમાં રૂ. ૮૯.૭૦ કરોડ અને અપ્પમનાં વેચાણથી રૂ. ૧૭.૨૯ કરોડની આવક થઇ હતી.

### શ્વાનોની હત્યા કરનાર મેજર સામે પગલાંની માગ

*દહેરાદૂન:* ત્રણ રખડતાં કૂતરાને માર મારીને મારી નાખવા અને અન્ય બેને ઘાયલ કરવા બદલ સેનાનાં અધિકારી મેજર મનિષ થાપા સામે સખત પગલાં લેવાની માગણી પ્રાણીપ્રેમીઓએ સેનાધ્યક્ષ જનરલ બીપિન રાવતને કરી હતી. અન્ય અધિકારીને રખડતાં કૂતરાઓને ખાવાનું ખવડાવતા જોઇને થાપાને ગુસ્સો આવ્યો હતો અને એ અધિકારી સાથે થયેલી બોલાચાલી બાદ થાપા લોખંડનો સળિયો લઇને કૂતરાઓ પાછળ દોડયો હતો અને એમને સખત માર મારતા પાંચમાંથી ત્રણ કૂતરાનાં મોત થયા હતા અને બે કૂતરા ઘાયલ થયા હતા.

### રાજકારણના પ્રશ્ન ન પુછો: રજનીકાંત

*ચેન્નઇ:* રાજનીતિમાં પ્રવેશને લગતી ચાલી રહેલી અફવા વચ્ચે સુપરસ્ટાર રજનીકાંતે રાજનીતિને લગતા કોઇપણ પ્રશ્નો ન પૂછવાની વિનંતી કરી હતી. પોતાના ફેન્સને આઠ વર્ષ બાદ મળ્યા બાદ ખુશખુશાલ રજનીકાંતને જ્યારે ફેન્સ માટે સંદેશ આપવા જણાવ્યું, ત્યારે એમણે કહ્યું હતું કે પાછલું બધું ભૂલીને તમારા કુટુંબની કાળજી રાખો. (એજન્સી)■

# થૅન્ક યૂ, સાળવેજી: સુષમા

*નવી દિલ્હી:* વિદેશ પ્રધાન સુષમા સ્વરાજે આંતરરાષ્ટ્રીય કોર્ટનાં નિર્ણયને મોટી રાહત ગણાવતા જણાવ્યું હતું કે જાધવને બચાવવા માટે સરકાર કોઇ કસર નહીં છોડે. એમણે વિશ્વ અદાલતમાં ભારતનાં એડવોકેટ હરીશ સાળવેનો આંતરરાષ્ટ્રીય કોર્ટ સમક્ષ સચોટ દલીલ કરવા બદલ આભાર માન્યો હતો. સુષમાએ અનેક ટ્વીટ મોકલીને જણાવ્યું હતું કે આઇસીજેનો નિર્ણય કુલભૂષણ જાધવનાં કુટુંબ અને ભારતનાં લોકો માટે મોટી રાહત સમાન છે. આઇસીજે સમક્ષ કેસને સક્ષમ રીતે રજૂ કરવા બદલ હરીશ સાળવેનાં અમે આભારી છીએ. ભારતનાં નાગરિકોને હું ખાતરી આપું છું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં જાધવને બચાવવા માટે સરકાર કોઇ કસર નહીં છોડે. (એજન્સી)■

# પાકની પોલ ખૂલી ગઇ: રોહતગી

*નવી દિલ્હી:* એટર્ની જનરલ મુકુલ રોહતગીએ ગુરુવારે કહ્યું કે પાકિસ્તાની લશ્કરી અદાલતે ભારતીય નાગરિક કુલભૂષણ જાધવની દેહાંતદંડની સજા સામે આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (આઇસીજે)એ સ્ટે આપતાં પાકિસ્તાનના ખોટા વલણને ફટકો પડ્યો છે તેમ જ ભારતે અપનાવેલી સ્થિતિને સમર્થન મળ્યું છે. ભારતનું વલણ સત્ય, ન્યાય તેમ જ માનવ અધિકારને માન આપનારું હોવાથી આ વચગાળાનો આદેશ મસમોટું પગલું છે.

રોહતગીએ ભારતના ટોચના વકીલ હરીશ સાળવેની ભારોભાર પ્રશંસા કરી હતી. ભારતીય નૌકાદળના નિવૃત્ત અધિકારી જાધવના ખટલામાં પહેલા રાઉન્ડમાં વિજય મેળવીને તેમણે ભારતને ગૌરવ અપાવ્યું છે. પાકિસ્તાની લશ્કરી અદાલતે જાધવ પર જાસૂસી અને વિધ્વંસક કરતૂતોના આક્ષેપો મૂક્યા છે. જાધવને મામલે પગલાં ભરનાર વિદેશ મંત્રાલયને પણ તેમણે અભિનંદન આપ્યા હતા. આઇસીજેના નિર્ણયને લીધે હવે પાકિસ્તાન જવાબદાર નાગરિકની જેમ વર્તન કરશે. પાકિસ્તાનની કહેવાતી ‘ઈનકેમેરા ટ્રાયલ’, ખોટા અને બનાવટી વલણનો ભાંડો ફૂટી ગયો છે. આઈસીજેના ૧૧ જજે સર્વસહમતિથી આ નિર્ણય લીધો છે. જાધવને વકીલ પૂરો પાડીને તેના કુટુંબને પણ મળવા દેવાની પાકિસ્તાન મંજૂરી આપે એવી મારી ઈચ્છા છે. (એજન્સી)■

# ભારતનો કેસ વધુ મજબૂત બન્યો: સાળવે

*નવી દિલ્હી:* ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસમાં પહેલાં દોરમાં જ વિજય મળ્યો એ સાથે કુલભૂષણ જાધવનો કેસ મજબૂત અને જોમવંતો બની ગયો છે, એમ વરિષ્ઠ ધારાશાસ્ત્રી હરીશ સાળવેએ જણાવ્યું હતું, જેમણે કોર્ટમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

સાળવે આ કેસ કોઈ પણ ફી લીધા વિના નિ:શુલ્ક લડી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ કેસમાં ભારતના પક્ષે ઘણું બધું છે એટલે હું સકારાત્મક ઊર્જા અનુભવતો હતો અને દલીલો કરતો ત્યારે જજો સાથે એનું અનુસંધાન થતું હતું, જ્યારે પાકિસ્તાનના કેસમાં આમ બનતું નહોતું. ૪૦ વર્ષના અનુભવના ભાથા સાથે એક ધારાશાસ્ત્રી તરીકે તમે જજો કેવો પ્રતિભાવ આપી રહ્યા છે એનો અનુભવ કરી શકો, એમ તેમણે જણાવ્યું હતું. (એજન્સી)■



## જાધવ પરની ઘાત ટળી: પ્રતિક્રિયા

### કૉંગ્રેસે નિર્ણય વધાવ્યો

*નવી દિલ્હી:* રાજ્યસભાનાં વિરોધ પક્ષનાં પ્રમુખ અને કૉંગ્રેસનાં વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે આંતરરાષ્ટ્રીય કોર્ટે કુલભૂષણ જાધવનાં કેસમાં આપેલાં નિર્ણયને વધાવ્યો હતો અને જાધવને ભારત પરત લાવવા માટે સરકારને અપીલ કરી હતી.

આઝાદે જણાવ્યું હતું કે કૉન્સ્યુલર એક્સેસ વગર કાંગારું કોર્ટ દ્વારા કુલભૂષણ જાધવ સામેનો પાકિસ્તાનનો કેસ તથા સંભળાવવામાં આવેલ ફાંસીની સજા એ ઢોંગ અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે. વૈશ્વિક અદાલતને ભારતની અપીલમાં તથ્ય જણાયું એ વાત વખાણવાલાયક છે.

આઝાદે પાકિસ્તાનને જાધવનો કબૂલાતવાળો વીડિયો જોવાની ના પાડવા બદલ અને ફાંસીની સજા પર સ્ટે આપવાનાં આઇસીજેનાં નિર્ણયને વખાણ્યો હતો.

એમણે કોર્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર ભારતીય ટીમનાં વખાણ કરતાં જણાવ્યું હતું કે સરકારે જાધવને ન્યાય મળે અને એ ભારત પાછો આવે એ માટે બધાં જ પ્રયત્ન કરી છૂટવા જોઇએ. (એજન્સી)■

### રાજનાથને રાહત

*નવી દિલ્હી:* ગૃહ પ્રધાન રાજનાથસિંહે આઇસીજેનાં નિર્ણય બદલ સંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે કોર્ટનાં નિર્ણયથી ભારતનાં લોકોએ મોટાં સંતોષ અને રાહતની લાગણી અનુભવી છે.

એમણે જણાવ્યું હતું કે જાધવને બચાવવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં સરકાર ગમે એ સ્તરે જઇ શકે છે. વિદેશ પ્રધાન સુષમા સ્વરાજે આઇસીજે પાસેથી ભારતની તરફેણમાં નિર્ણય લાવવા માટે વખાણવા લાયક કામ કર્યું છે.

કેન્દ્રીય પ્રધાન કિરેણ રિજિજૂએ આઇસીજેનાં નિર્ણયને ભારતની મોટી જીત ગણાવી હતી. (એજન્સી)■

# પાકમાં ન્યાયતંત્ર નામની મશ્કરીનો પર્દાફાશ: જેટલી

*શ્રીનગર:* આંતરરાષ્ટ્રીય કોર્ટ દ્વારા કુલભૂષણ જાધવનાં કેસમાં ભારત તરફી ચુકાદાએ ફુલાયેલા સંરક્ષણ પ્રધાન અરુણ જેટલીએ પાકિસ્તાનની ટીકા કરતા જણાવ્યું હતું કે આઇસીજેનો નિર્ણય એ પાકિસ્તાનમાં ન્યાયને નામે થઇ રહેલા ઉપહાસની કબૂલાત છે.

જેટલીએ જણાવ્યું હતું કે આ નિર્ણય ભલે વચગાળાનો રહ્યો, પણ એ પાકિસ્તાનની ન્યાય વ્યવસ્થા તરફ ગંભીર ઇશારો કરે છે.

જ્યાં સુધી બચાવનો મોકો ન આપવામાં આવે ત્યાર સુધી કોઇપણ ન્યાય પ્રણાલી વિશ્વાસ અને પારદર્શિતા વગરની ગણાય. કૉન્સ્યુલર એક્સેસ એ પોતાનો બચાવ કરવાના હકનો એક ભાગ છે.

અંધારા ગુપ્ત રીતે આપવામાં આવેલો ચુકાદો એ ષડ્‌યંત્રનો ભાગ છે અને કૉન્સ્યુલર એક્સેસ ન આપવી એ સ્વબચાવનો હક નકારવા બરાબર ગણાય.

જેટલીએ વધુમાં જણાવ્યું હતું કે, આ ચુકાદો ભલે વચગાળાનો છે પણ એ પાકિસ્તાનના મોં પર જબરજસ્ત લપડાક જેવો છે.

તેમણે ભારતના વકીલ હરીશ સાળવેની પણ ભારે પ્રશંસા કરી હતી અને તેમની કામગીરીને વખાણી હતી. (એજન્સી)■

# ₹ દસ કરોડના કરચોરોનાં નામ જાહેર કર્યા આઇટીએ

*નવી દિલ્હી:* કરચોરોને શરમમાં નાખવાં આવક વેરા વિભાગે જે લોકોએ રૂ. ૧૦ કરોડથી વધારે રકમ કર તરીકે નથી ચૂકવી, એમનાં નામ જાહેર કર્યા હતા. આઇટી વિભાગે દેશનાં અગ્રણી છાપાંઓમાં આવા લોકોનાં નામ જાહેર કરવા સાથે એમને તુરંત જ બાકી નીકળતો વેરો ભરી દેવાની સલાહ આપી છે.

આવક વેરા વિભાગે કરચોરોને શરમમાં નાખવાની આ પદ્ધતિ પાછલા કેટલાક વર્ષોથી શરૂ કરી છે. અત્યાર સુધીમાં એમણે જે લોકોએ મોટી રકમનાં કર ચૂકવ્યા નથી અથવા તો કર ચુકવ્યા વગર ગુમ થઇ ગયા છે અથવા તો રિકવરી માટે કોઇ સંપત્તિ ન હોવાનું જાહેર કર્યું છે, એમનાં નામ આ રીતે જાહેર કર્યા છે.

તાજેતરની યાદીમાં દિલ્હીનાં આવા પાંચ મોટા કરચોરોનાં નામ જાહેર કરાયા છે. આ પાંચેય ડિફોલ્ટર મળીને રૂ. ૧૦.૨૭ કરોડની રકમ ભરવાની બાકી છે. આવા લોકોનાં નામ, ઠેકાણું, કરની બકાયા રકમ, ક્યાં વર્ષનો કર બાકી છે અને અમુક ચોક્કસ કિસ્સામાં જેતે વ્યક્તિ કે કંપનીનાં પેન કાર્ડની વિગતો છાપવામાં આવે છે. આમ કરવા પાછળ આઇટી વિભાગનો એક ઉદ્દેશ લોકોને જાગૃત કરવાનો તથા જે લોકોએ પોતાના એડ્રેસ બદલી નાખ્યા હોય, પણ જાહેરાત વાંચીને જો કોઇ આવી વ્યક્તિ કે કંપની વિશે માહિતી ધરાવતી હોય, તો એ આઇટી વિભાગને આપીને મદદ કરી શકે એવોય છે. (એજન્સી)■

# અમેરિકામાં ઈમિગ્રેશને અટકાયતમાં લીધેલા પટેલનું કસ્ટડીમાં મોત

*એટલાન્ટા:* અમેરિકાના એટલાન્ટા ઈમિગ્રેશનમાં અટકાયત કરાયેલ એક પટેલનું મૃત્યુ થયાના સમાચાર સામે આવતા એટલાન્ટામાં વસતા ગુજરાતી સમાજમાં શોકની લાગણી ફેલાય ગઈ છે. શ્વાસની તકલીફ માટે હૉસ્પિટલમાં દાખલ થયા બાદ તેમનું મૃત્યુ થયું હોવાનું ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટના અધિકારીઓએ જણાવ્યું હતું. અતુલકુમાર બાબુભાઈ પટેલ ૧૦મી મેના રોજ ક્વિટોથી એટલાન્ટા ઍરપોર્ટ પર પહોંચ્યા હતા. જ્યાં તેમની પાસે જરૂરી ઈમિગ્રેશન દસ્તાવેજો ન હોવાના કારણે તેમને કસ્ટડીમાં લઈ જવામાં આવ્યા હતા. પટેલ ક્વિટો, ઈક્વેડોરથી ફ્લાઈટ દ્વારા દસમી મેના રોજ એટલાન્ટા ઍરપોર્ટ પર પહોંચ્યા હતા. અહીંયા યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શને તેમને દેશમાં પ્રવેશવાની ના પાડી દીધી હતી કારણ કે પટેલ પાસે જરૂરી ઈમિગ્રેશન દસ્તાવેજો નહોતા. ત્યારબાદ પટેલને એટલાન્ટા સિટી ડિટેન્શન સેન્ટર ખાતે આઈસીઈ કસ્ટડીમાં ટ્રાન્સફર કરાયા હતા, જ્યાં તેમની પ્રારંભિક મેડિકલ તપાસ કરાવવામાં આવી હતી. આઈસીઈની કસ્ટડીમાં દાખલ થયાના બે દિવસ બાદ પટેલની બ્લડ સુગરની તપાસ કરતી નર્સે તેમને શ્વાસની તકલીફ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેમની વધુ તપાસ અને સારવાર માટે તાત્કાલિક એટલાન્ટાની ગ્રેડી મેમોરિયલ હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં અતુલભાઈ મૃત્યુ પામ્યા હતા. ■